# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૭૫ કેસ : ૧૬ના મોત

## અત્યાર સુધીમાં ૨૮૫૫ લોકોના મૃત્યુ અને ૬૫૯૫૩ લોકો ડિસ્ચાર્જ : ૨૪ કલાકમાં ૮૬ લોકો વેન્ટીલેટર ઉપર

ગાંધીનગર,તા.૨૦ રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૬૮૫૮૧ ટેસ્ટ કરવામાં આવતા ૧૧૭૫ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૮૩ હજારને પાર થઈ ચુક્યો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૧૬ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૮૫૫ થયો છે. રાજ્યમાં આજે ૧૧૨૩ દર્દી ડિસ્ચાર્જ કરાતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૬૫૯૫૩ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૪૪૫૪ કેસ એક્ટિવ છે. જેમાં ૮૬ વેન્ટીલેટર પર અને ૧૪૩૬૮ કેસ સ્ટેબલ છે.

રાજ્યમાં એક હજારને પાર કોરોના પોઝિટિવના દૈનિક કેસનો સીલસીલો ૨૧મી જુલાઈથી યથાવત રહેતા એક મહિનો આજે પુરો થયો છે. રાજ્યના આરોગ્ય વિભાગની યાદી મુજબ કોવિડ-૧૯ના લીધે આજે ૧૬ના મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૫૫ અને જિલ્લામાં ૧૭ સાથે કુલ ૧૭૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. આજે વધુ ૪ના સાથે કુલ સંક્રમિતનો આંકડો ૨૯૬૬૫ થયો છે. આજે ૪ વધુ મોત થતા ૧૬૭૪ મોત કુલ થયા છે. સુરત શહેરમાં ૧૬૩ અને જિલ્લામાં ૭૪ સાથે કુલ ૨૩૭ કોરોનાના કેસ આજે નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૭૬૮૪ થયો છે. આજે વધુ ૭ મોત નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૫૮૧ થયો છે. રાજ્યમાં ત્રીજા ક્રમે વડોદરા શહેરમાં ૯૨ અને જિલ્લામાં ૨૬ સાથે કુલ ૧૧૮ કેસ નોંધાયા છે.

આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૬૮૩૫ થયો છે. આજે ૧ મોત નોંધાતા વડોદરામાં કુલ મૃત્યુઆંક ૧૧૫ થયો છે. ચોથા ક્રમે રાજકોટમાં ૬૭ અને જિલ્લામાં ૩૧ કેસ સાથે ૯૮ કેસ નોંધાયા છે. આ સાથે સ્ક્રમિતનો આંકડો ૩૬૫૬ થયો છે. આજે વધુ ૨ના મોત થતા મૃત્યુઆંક ૭૩ થયો છે. પાંચમાં ક્રમે ભાવનગર શહેરમાં ૨૭ અને જિલ્લામાં ૨૮ સાથે ૫૫ કેસ નોંધાયા છે. આ સાથે ૨૨૮૦ કુલ કેસ થયા છે.

## અરવલ્લીમાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતો અને લોકોમાં હર્ષોલ્લાસ

### ભિલોડાના ગંભીરપુરા ગામમાં ૧૨ વર્ષીય બાળક તળાવમાં ડૂબ્યો

બંગાળની ખાડીમાં લો પ્રેશર સીસ્ટમ સક્રિય થતા સમગ્ર ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ વરસવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે, વિવિધ વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ભિલોડા-ઈડર રોડ પર પાણી ફરી વળતા વાહનવ્યવહાર અટવાયો હતો. ભિલોડાના ગંભીરપુરા ગામમાં પંથકમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગના પગલે નદી, નાળા અને તળાવમાં નવા નીર આવ્યા હોવાથી કાકોદરા તળાવ પણ પાણીથી ભરાતા પશુઓ ચરાવવા



ત્યારે અરવલ્લી જિલ્લામાં ગઈકાલે બપોર બાદ મેઘમહેર થવા પામી હતી.

સાર્વત્રિક મેઘમહેર થી ખેડૂતોએ ચોમાસુ ખેતી બચી જતા હાશકારો અનુભવ્યો હતો. સતત ઝરમર અને ઝાપટા રૂપી વરસાદથી વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી. ભિલોડા પંથકમાં કડાકા ભડાકા સાથે બીજા દિવસે પણ વરસાદ ખાબકતા ૧૨ વર્ષીય બાળક કાકોદરા તળાવમાં નાહવા જતાં ડૂબી જતા ભારે પરિવારજનોમાં આક્રંદ છવાયો હતો.

ભિલોડાના ગંભીરપુરા ગામે રહેતા હસનભાઈ ખેમાભાઈ હોથાનો ૧૨ વર્ષીય રોનક નામનો પુત્ર ગામમાં આવેલ કાકોદરા તળાવની આજુબાજુમાં પશુઓ લઈ ચરાવવા ગયો હતો. ભિલોડા ગયેલો રોનક કાકોદરા તળાવમાં નાહવા જતા પાણીમાં ડૂબી જતા મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. મૃતક પુત્રનો મૃતદેહ જોઈ પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. ૧૨ વર્ષીય બાળક તળાવમાં ડૂબી જવાની ઘટનાના પગલે ભિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



### દાંતા તાલુકાના ખેરોજ મુકામે તાલુકા કક્ષાનો વન મહોત્સવ યોજાયો

દાંતા તાલુકાના ખેરાજ મુકામે પ્રાથમિક શાળામાં દાંતાના ધારાસભ્ય કાંતિભાઈ ખરાડીના અધ્યક્ષસ્થાને તાલુકાકક્ષાના ૭૧માં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તાલુકાકક્ષાના વન મહોત્સવ અંતર્ગત દાંતા ધારાસભ્ય, તાલુકા પંચાયતના પ્રમુખ અશ્વિનભાઈ ચૌધરી, ઉપપ્રમુખ કાંતિભાઈ, પંચાયત કારોબારી સમિતિના ચેરમેન જાકીરભાઈ, અગ્રણીઓ સર્વ સફીફભાઈ, અજીતસિંહ, ફોરેસ્ટ ઓફીસર પી.ડી. ચૌધરી સહિત અધિકારીઓ અને અગ્રણીઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## રાજ્યના ૧૭ તાલુકાઓમાં બે થી પોણા ચાર ઈંચ સુધીનો વરસાદ વરસ્યો

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળતી માહિતી મુજબ આજે તા. ૨૦મી ઓગસ્ટ-૨૦૨૦ની સવારે ૬ કલાકની સ્થિતિએ છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૩૩ જિલ્લાના ૧૭૯ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. જેમાં ૧૭ તાલુકાઓ એવા છે કે જ્યાં બે થી પોણા ચાર ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે. નવસારી જિલ્લાના ખેરગામ તાલુકામાં સૌથી વધુ ૯૫ મીમી એટલે કે પોણા ચાર ઈંચ, અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં ૮૫ મીમી, આણંદના બોરસદ તાલુકામાં ૮૧ મીમી, નવસારીના ચીખલી-વાંસદા અને વલસાડ તાલુકામાં ૭૭ મીમી એટલે કે ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જયારે પેટલાદ, ગણદેવી, વઢવાણ, સૂઈગામ, ડેડિયાપાડા, સુબિર, વઘઈ, બારડોલી, ડાંગ-આહવા, નવસારી અને કાંકરેજ તાલુકામાં ૫૦ મીમી થી ૭૧ મીમી એટલે કે બે થી ત્રણ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે.

## બનાસના પશુપાલકો આનંદો દાણમાં બોરીદીઠ ૧૦૦નો ઘટાડો

બનાસ ડેરીના સાડા ચાર લાખ દૂધ ઉત્પાદકોને રાહત સમાચારરૂપે આજે ચેરમેન શંકરભાઈ ચૌધરીએ બનાસ જેમાં ચેરમેને પશુપાલકો માટે દાણના ભાવમાં તારીખ ૨૫ ઓગસ્ટથી ઘટાડો કરવાની જાહેરાત કરતા કોરોના કરી હતી.

આ પ્રસંગે સ્થાનિક ડિરેક્ટર ખેમજીભાઈ ચૌધરી, ઈ.મેનેજિંગ ડિરેક્ટર કામરાજભાઈ ચૌધરી,




દાણમાં બોરીદીઠ રૂપિયા ૧૦૦નો ઘટાડો કરવાની જાહેરાત કરતા પશુપાલકોમાં ખુશાલી વ્યાપી હતી. હવે પ્લાસ્ટિક બેગ રૂપિયા ૧૨૩૦માં અને શણ બેગ રૂપિયા ૧૩૦૦ માં મળશે.

આજે વાવ તાલુકાના તીર્થગામ મુકામે વાવ તાલુકાનો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. મહામારીમાં પણ પશુપાલકોને રાહત સ્વરૂપે મહિને ૯ કરોડ રૂપિયાનો ફાયદો થશે.

આ પ્રસંગે તેમણે સમગ્ર જિલ્લાના ગામે ગામ વૃક્ષારોપણ અને જળ સંચયના કામ થકી વધુ વરસાદ આવે અને વરસાદી પાણીનો સંચય કરીને જિલ્લાને હરિયાળો બનાવવાની નેમ વ્યક્ત અગ્રણીઓ ગુમાનસિંહ ચૌહાણ, ગજેન્દ્રસિંહ ચૌહાણ, ધનજીભાઈ ગોહિલ, ઉમેદદાન ગઢવી, નાગજીભાઈ પટેલ, રામસેંગજી રાજપુત, રણજીતસિંહ ચૌહાણ, રૂપસિંહભાઈ પટેલ, રૂપસિંહભાઈ ચૌધરી સહિત સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## શાર્પ શૂટર સલમાન ફરાર થતા એટીએસની ચિંતામાં વધારો

પૂર્વગૃહરાજ્ય પ્રધાન ગોરધન ઝડફિયાના કાર્યકાળ દરમ્યાન ગોધરાકાંડ બાદ ગુજરાતમાં થયેલા કોમી તોફાનોનો બદલો લેવા માટે છોટા શકીલ ગેંગના બે આરોપીઓ પૈકી રેકી કરનારની અમદાવાદની રિલીફ રોડ પર આવેલા વિનસ હોટલમાંથી એટીએસે ઝડપી પાડ્યો હોવાનું ગૃહરાજ્યપ્રધાન પ્રદીપસિંહ જાડેજા એ માહિતી આપી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે, અત્યારે એટીએસ દ્વારા સમગ્ર મામલાની તપાસ ચાલી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ આમા કોની કોની સંડોવણી છે તે બાબતે કહી શકાશે. ગૃહરાજ્યપ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું કે, પૂર્વગૃહ રાજ્યપ્રધાન ગોરધન ઝડફિયા પર હુમલો કરવા માટે છોટા શકીલ ગેંગના બે લોકો આવ્યા હોવાની એટીએસને બાતમી મળી હતી. બાતમીના આધારે એટીએસની ટીમે વોચ ગોઠવી હતી. એટીએસની ટિમ દ્વારા અમદાવાદની રિલીફ રોડ પર આવેલ વિનસ હોટલમાં મંગળવારની મધ્યરાત્રીએ તપાસ શરૂ કરી હતી. તે દરમ્યાન મારવા આવેલો શાર્પ શૂટર દ્વારા કમલમ કાર્યાલયની રેકી કરવા માં આવી હતી. જેના વીડિયો નેધરલેન્ડ મોબાઈલ ફોનના માધ્યમથી વીડિયો ફૂટેજ અને ફોટા મોકલી આપ્યા હતા. કમલમમાં પ્રવેશવાના દરવાજા, બેઠક વ્યવસ્થા, ઓફિસ ઉપરાંત જવાના રસ્તાઓના ફોટો અને વિડીયોગ્રાફી કરીને તેના બીજા સાથીદારોને મોકલી આપ્યા હતા. મહતપૂર્ણ બાબત તો એ છે કે, પકડાયેલો શાર્પ શૂટર માત્ર રેકી કરવાનું કામ કરતો હતો .જ્યારે મુખ્ય શાર્પ શુટર સલમાન હાથમાં ન આવવાથી એટીએસની ચિંતામાં વધારો થયો છે. કારણ કે, ઈરફાન દ્વારા રેકી કર્યા બાદ નેધરલેન્ડના હેંડલરને વોટ્સએપમાં વિડીયો અને ફોટો મોકલ્યા બાદ કહ્યું હતુ કે, સલમાન હોટલ પર આવશે અને તને બધી મદદ કરશે. ગુજરાત બીજેપીના ઉપપ્રમુખ અને પૂર્વગૃહરાજ્યમંત્રી ગોરધન ઝડફિયાને દાઉદ ઈબ્રાહિમના ઈશારે મારવા આવેલા ઈરફાન એટીએસના હાથે ઝડપાઈ ગયો છે. જોકે, જે રીતે ફિલ્મી સ્ટાઈલથી આરોપી ઈરફાન પકડાયો હોવાને લીધે એટીએસના સમગ્ર ઓપરેશનને આશંકાની દ્રષ્ટિએ જોવામાં આવી રહ્યું છે. અત્યારે તો પોલીસ ઈન્વેસ્ટિગેશન દરમ્યાન પકડાયેલો ઈરફાન વોન્ટેડ સલમાનને લઈ પોલીસને ગોળ ગોળ ફેરવી રહ્યો છે.

### ભિલોડાના જેતપુર ગામે વૃદ્ધા ડાકણ હોવાનો વ્હેમ રાખી

## ભત્રીજા અને તેના પરિવારે હુમલો કરતાં વૃદ્ધ દંપતી ઈજાગ્રસ્ત

ભિલોડા, તા. ૨૦

૨૧ સદીનાં વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં મંગળ પર જીવનની શોધ કરતા માનવ, ભૂત-પ્રેત અને ડાકણના વહેમમાં પરિવારને છિન્ન ભિન્ન કરી નાંખતા બનાવ બને ત્યારે વિચિત્ર લોક માન્યતાઓ સ્હેજેય સમાજમાં ઘર કરી ગયેલી હોવાની અનુભૂતિ થયા વગર રહેતી નથી. આવી જ એક ઘટના અરવલ્લી જીલ્લામાં બની હતી, ભિલોડા તાલુકાના જેતપુર ગામે રહેતા વૃદ્ધ પતિ-પત્ની પર તેના સગ્ગા ભત્રીજા અને તેના પરિવારજનોએ હુમલો કરતા વૃદ્ધ દંપતી ઈજાગ્રસ્ત થયું હતું તેમજ વૃદ્ધાને જાનથી મારી નાખવાની ધમકી આપતા વૃદ્ધ દંપતી ફફડી ઉઠ્યું હતું. આ અંગે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા ભિલોડા પોલીસે ત્રણ શખ્સો વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ભિલોડાના જેતપુર ગામે રહેતા કકવાજી નાથાજી ગામેતી અને તેમના પત્ની ખેતીકામ કરી જીવનનિર્વાહ ચલાવી રહ્યા છે તેમની નજીક રહેતો તેમનો ભત્રીજો ચિરાગ તુલસીભાઈ ગામેતી તેની વૃદ્ધ કાકી ડાકણ હોવાનો અને તેના છોકરાઓને હેરાન કરે છે તેવો વ્હેમ રાખી લાકડી લઈ કકવાજીના ઘરે લાકડી લઈ મારવા પહોંચતા કકવાજી ગામેતી ઘર બહાર આવતા ચિરાગ લાકડી લઈ કકવાજી પર તૂટી પડ્યો હતો તેનું ઉપરાણું લઈ શારદાબેન કાનજીભાઈ ગામેતી અને કાનજીભાઈ નાથજી ગામેતી કકવાજી પર લાકડી અને ગડદા પાટુનો મારમારતા તેમની પત્ની ઘરમાંથી બહાર દોડી આવી વચ્ચે પડી માર મારતા બચાવી લેવામાં સફળ રહ્યા હતા અને ત્રણે આરોપીઓ જતાજતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાકડી અને ગડદાપાટુનો ભોગ બનેલ કકવાજીને ઈજાઓ પહોંચતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.

ભિલોડા પોલીસે કકવાજી નાથજી ગામેતીની ફરિયાદના આધારે ચિરાગ તુલસીભાઈ ગામેતી, શારદાબેન કાનજીભાઈ ગામેતી અને કાનજીભાઈ નાથાજી ગામેતી વિરુદ્ધ ઈપીકો કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જીપીએકટ કલમ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ રાજ્યકક્ષા દ્વારા શૈક્ષણિક વિકાસ માટે

## વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડા વિતરણ, કોરોના વોરીયર્સને સન્માન પત્ર એનાયત કાર્યક્રમ યોજાયો

૨૭ પરગણાની ગુરુ બ્રાહ્મણ સમાજ વાડી ખાતે રાજ્યકક્ષા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને ચોપડા વિતરણનો તથા કોરોના વોરિયર્સનો સન્માનનો કાર્યક્રમ જયંતીભાઈ વી. શ્રીમાળી, પ્રમુખ રાજ્યકક્ષાના અધ્યક્ષસ્થાને યોજાયો જેમાં સી.એન. જોશી મહામંત્રી, રાજ્યકક્ષા, ભગવતીપ્રસાદ શ્રીગોડ, ખજાનચી, રાજ્યકક્ષા, ઉત્તર જોન પ્રભારી બીપીનભાઈ શ્રીમાળી, ભાનુભાઈ દવે, રાજ્યકક્ષાના હોદેદાર ગુણવંતભાઈ મહેસાણા, કાન્તિભાઈ પંડ્યા, હીરાભાઈ પંડયા સાબરકાંઠા, મહેસાણા જિલ્લાના પ્રમુખ પ્રવિણભાઈ ગાંધી અરવલ્લી જિલ્લાના પ્રમુખ મહેન્દ્રભાઈ, મહિસાગર જીલ્લા પ્રમુખ અપૂર્વભાઈ તથા અરવલ્લી જિલ્લા મહામંત્રી ગીધરભાઈ તથા જીલ્લા ઘટકના હોદેદારો તથા સમાજના અગ્રણી આગેવાનો તથા સમાજ બંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે મનસુખભાઈ પંડ્યા, મહામંત્રી, સાબરકાંઠા જિલ્લા તથા દિલીપભાઈ પંડયા વડાલી સાબરકાંઠા જિલ્લાના પ્રમુખ તરીકે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શૉસિયલ મીડિયાના ઉપયોગથી કોરોનાની વિકટ પરિસ્થિતિમાં ઓનલાઈન રૂપિયા બાર લાખ પચાસ હજાર જેટલુ સમાજમાંથી જ અનુદાન મેળવી સમગ્ર ગુજરાતમાં ૭૦૦૦૦ ચોપડા નોટબુક વિનામૂલ્યે વિતરણ તથા ૨૦૦૦ જેટલા કોરોના વોરિયર્સને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યા છે.

## મોડાસાના કાબોલાની ઔદ્યોગિક એકમમાં મોકડ્રીલ યોજાઈ

અરવલ્લી જિલ્લામાં આવેલ વિવિધ મેજર એકસીડન્ટક હેઝાર્ડસવાળા જોખમી કેમીકલ કારખાનાઓમાં સંભવીત અકસ્માત/ઈર્મજન્સીવના સંજોગોમાં, જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તાત્કાલીક મદદ મળી રહે તેમજ તેઓમાં સતર્કતાનુ પ્રમાણ જળવાઈ રહે તે હેતુથી મોકડ્રીલ યોજાય છે. આકસ્મિક આગનાના સંજોગોમાં તેને કાબુમાં લેવા માટે કેવી રીતે કામગીરી બજાવવી તેની તાલીમ મળી રહે તે માટે આવા મોકડ્રીલ યોજવા જરૂરી છે તેમજ પ્રવર્તમાન ચાલુ માસને સરકાર દ્વારા 'સલામતી માસ' તરીકે ઉજવણી કરવાનું નક્કી કરેલ હોઈ તેના ભાગરૂપે આ મોકડ્રીલ યોજવામાં આવી હતી. જે અંતર્ગત મોડાસાના કાબોલા સ્થિત ગુરૂકૃપા ક્રાફ્ટસ કારખાનામાં મોકડ્રીલ યોજાઈ હતી જેમાં ઈમર્જન્સી મોકડ્રીલના સિનારીયો તરીકે કારખાનામાં આવેલ વેસ્ટ યાર્ડ ગોડાઉનમાં પડેલ વેસ્ટ ક્રાફ્ટ પેપરના લમ્પમાં કોઈ કારણસર આગ લાગતાં ઓપરેટરે તુરંત મેનેજમેન્ટને જાણ કરી તત્કાલ અગ્નિક્ષામક તથા ફાયર હાઈડ્રન્ટ લાઈનના ઉપયોગ કરીને પાણીનો છંટકાવ કરીને આગને કાબુમાં લેવામાં આવી તથા કારખાનાના સલામતી વિભાગના મેનેજમેન્ટના કર્મચારીઓની આવી ઈમરજંસીના સંજોગોમાં કેવી સતર્કતા છે, તેની ચકાસણી કરાઈ હતી.

### વધુ ૧૧ કેસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અને સે. ૭ માં રહેતી એક ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ મહિલા દર્દીના પરિવારના ૪ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૩ ના છાપરામાં રહેતા અને વેલ્ડર તરીકે કામ કરતા એક ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ યુવાનના પરિવારના ૨ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે.

સે. ૨૭ માં રહેતા અને પોલીસતંત્રમાં હેડ કોન્સ્ટેબલ તરીકે સેવા આપતા ૫૦ વર્ષીય ફ્રન્ટલાઈન વોરિયર્સનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કોન્સ્ટેબલને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૭ માંથી બીજો એક કેસ નોંધાયો છે. જેમાં ૭૭ વષની આયુ ધરાવતા એક વડીલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ તેમના પરિવારના ૬ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ઘણા સમય બાદ સે. ૩૦ માં કોરોનાએ પોતાની હાજરી નોંધાવી છે. સે. ૩૦ માં રહેતા અને રાજસ્થાનમાં ઓઈલ એન્ડ ગેસ કંપનીમાં નોકરી કરતા ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ યુવાનના પરિવારના ૪ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૨ માં રહેતી એક ૩૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ મહિલાના પરિવારના ૩ સભ્યોને તંત્રએ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરમાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. આજે તંત્ર દ્વારા ૧૪૦ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

### કકળાટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે. સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે આખરી આયોજન કરી દેવાયુ છે. આગામી દિવસોમાં આ પ્રોજેકટનુ કામ પણ શરૂ કરી દેવાશે. જેના અંતે શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવશે. જયારે હાલ પાઈપલાઈન સહીત સરીતા અને ચરેડી પમ્પીંગ સ્ટેશનની મશીનરી પણ દાયકાઓ જુની હોવાથી વારંવાર ટેકનિકલ ખામી પણ ઉદભવે છે. ત્યારે કયારેક સેકટરોમાં પાણીની ફરિયાદો પણ કકળાટનુ કારણ બને છે.

### નવા ચેપગ્રસ્તો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જ્યારે ચેપગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૧ લાખ ૩૧ હજાર ૫૪૨ છે. મધ્યપ્રદેશમાં કોરોનાના ૯૭૬ નવા કેસ સામે આવ્યા હતા. રાજ્યમાં મહામારીએ ફરી એક વાર જોર પકડ્યું છે. ઈંદોરમાં સૌથી વધુ ૧૭૯ કેસ આવ્યા છે. ૧૧૪ નવા દર્દીઓ સાથે ભોપાલ બીજા નંબર પર રહ્યું. રાજ્યમાં દરરોજ ૧૫થી ૨૦ હજાર ટેસ્ટ થઈ રહ્યા છે. તે ટેસ્ટના દેશમાં ૧૩માં ક્રમે છે. અહીં સુધીમાં કુલ ૧૦ લાખ ૯૦ હજાર પરીક્ષણો કરવામાં આવ્યા છે. રાજસ્થાનમાં ૨૪ કલાકમાં ૧૩૧૨ કેસ નોંધાયા હતા. આમાં ટોચના ૧૦ જિલ્લામાં જોધપુરમાં ૨૨૫, અલવરમાં ૨૨૪, બિકાનેરમાં ૨૦૯, જયપુરમાં ૧૮૯, કોટામાં ૧૪૩, ધૌલપુરમાં ૮૩, સીકરમાં ૬૮, પાલિમાં ૬૩, રાજસમંદમાં ૩૧ અને ઝાલાવાડમાં ૨૩ પોઝિટીવ કેસ નોંધાયા છે. ૧૨ લોકોનાં મોત થયાં. તે પૈકી, જયપુરમાં ૪ દર્દીઓ, નાગૌર અને કોટામાં ૨-૨, અજમેર, બિકાનેર, ગંગાનગર અને ઉદેપુરમાં ૧-૧ દર્દીઓના મોત થયા હતા. ઉત્તરપ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૦૭૬ નવા કેસ થયા છે. નવા કેસો અને કુલ કેસો બંને મામલે તે દેશમાં પાંચમાં ક્રમે છે. અત્યાર સુધીમાં કોરોનાના ૧ લાખ ૬૭ હજાર ૫૧૦ કેસ નોંધાયા છે. ઉત્તરપ્રદેશ ટેસ્ટમાં મોખરે છે.

### ખરીદી શકશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ વ્યવહારોમાં જંત્રીની માત્ર ૧૦ ટકા કિંમત-પ્રિમિયમ ભરીને તબદીલ થઈ શકશે.

ડેટ રીકવરી-દેવા વસુલી, NCLT(નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ), લિકવિડેટર કે નાણાંકીય સંસ્થાઓ મારફતે થતી હરાજીમાં આવી જમીનો ખરીદનારે હરાજી હુકમના ૬૦ દિવસમાં જંત્રીના ફકત ૧૦ ટકા પ્રિમિયમ ભરવાનું રહેશે.

આ નિર્ણયથી ઊદ્યોગ સાહસિકો દ્વારા ખરીદવામાં આવેલી ખેતીની જમીનોના પ્રશ્નોનું નિવારણ થતાં પડતર રહેલી જમીનોનો કાર્યક્ષમ ઉપયોગ શક્ય બનશે. તેમજ વિકાસની નવી તકો-રોજગારીની નવી દિશા મળશે.

### સુરત બીજા ક્રમે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

૨૦૨૦' ના પરિણામો જાહેર કર્યા હતા. સતત ચોથી વાર ઈન્દોરને દેશના સૌથી સ્વચ્છ શહેરનું બિરુદ મળ્યું. આ સમયગાળા દરમિયાન, સ્વચ્છતા પર વધુ સારું પ્રદર્શન કરનારા શહેરોને પણ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. તે જ સમયે પીએમ મોદીએ દેશના કેટલાક 'સ્વચ્છગરીઓ' અને સફાઈ કામદારો સાથે પણ વાતચીત કરી હતી.

ટોપ ૨૦ શહેરોમાં પ્રથમ નંબરે ઈન્દોર, બીજા નંબરે સુરત, ૩જા નંબરે નવી મુંબઈ, ચોથા નંબરે વિજયવાડા, પાંચમા નંબરે અમદાવાદ, છઠ્ઠા નંબરે રાજકોટ, સાતમા નંબરે ભોપાલ, આઠમા નંબરે ચંડીગઢ, નવમા નંબરે વિશાખાપટ્ટનમ, દસમા નંબરે વડોદરા છે. ત્યારબાદ અનુક્રમે ૧૧મા નંબરે નાસિક, ૧૨મા ક્રમે લખનઉ, ૧૩મા ક્રમે ગ્વાલિયર, ૧૪મા ક્રમે થાણે, ૧૫મા નંબરે પુણે, ૧૬મા ક્રમે આગ્રા, ૧૭મો ક્રમ જબલપુરનો, ૧૮મા ક્રમે નાગપુર, ૧૯મા ક્રમે ગાઝિયાબાદ અને ૨૦મા ક્રમે પ્રયાગરાજ આવે છે.

દેશના સ્વચ્છ શહેરોની યાદીમાં ઈન્દોર પછી બીજા નંબરે સુરત અને ત્રીજા સ્થાને નવી મુંબઈ આવ્યું છે. કેન્દ્રીય પ્રધાન હરદીપ પુરીએ પણ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણને અભિનંદન આપ્યા હતા. છત્તીસગઢને સૌથી સ્વચ્છ રાજ્ય જાહેર કરાયું હતું. આ પહેલા જાન્યુઆરીમાં પહેલા ક્વાર્ટરની અને આજે બીજા અને ત્રીજા ક્વાર્ટરના પરિણામોની જાહેરાત કરી છે. આમ ત્રણ ક્વાર્ટરના પરિણામ જાહેર થયા છે. જેમાં સમગ્ર દેશમાં સુરત બીજા સ્થાને જ્યારે અમદાવાદ ૫માં, રાજકોટ છઠ્ઠા અને વડોદરા ૧૦ ક્રમે રહ્યું છે. જ્યારે વર્ષ ૨૦૧૯માં અમદાવાદ ૬ઠ્ઠા ક્રમે અમદાવાદ, રાજકોટ ૯માં નંબર પર, સુરત ૧૪માં નંબરે અને વડોદરા ૭૯ ક્રમે રહ્યું હતું. આમ અમદાવાદ એક રેક્રની, સુરતે ૧૨ રેક્રની, રાજકોટે ૩ રેક્રની જ્યારે વડોદરા ૬૯ રેક્રની સૌથી મોટી છલાંગ લગાવી ટોપ ૧૦માં પહોંચી ગયું છે.

સ્વચ્છ સર્વેક્ષણની શરૂઆત દેશના નાગરિકોમાં સ્વચ્છતામાં ભાગીદારી વધારવા માટે કરવામાં આવી હતી. સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૦ છેલ્લા ૨૮ દિવસમાં પૂર્ણ થયું છે. ગુરુવારે યોજાનારા 'સ્વચ્છ મહોત્સવ' માં 'સ્વચ્છ સર્વેક્ષણ રિપોર્ટ સિવાય સ્વચ્છ સર્વેક્ષણ ઈનોવેશન, સ્વચ્છ સર્વેક્ષણ સોશ્યલ મીડિયા અને ગંગાના કાંઠે આવેલા શહેરો'નો પણ અહેવાલ જાહેર કરાયો હતો. સતત ત્રણ વર્ષ સુધી ટોપ પર રહ્યું ઈન્દૌર તમને જણાવી દઈએ કે સ્વચ્છતા સર્વેક્ષણની પહેલી આવૃત્તિમાં મૈસુરુને ભારતના સૌથી સ્વચ્છ શહેરનો ખિતાબ મળ્યો હતો. તે જ સમયે મધ્યપ્રદેશનું ઈન્દોર શહેર સતત ત્રણ વર્ષ ૨૦૧૭, ૨૦૧૮ અને ૨૦૧૯માં સૌથી સ્વચ્છ જાહેર કરાયું હતું.